# વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૪ ના ઉમેદવારો માટે અગત્યની સુચના

- નામ. વડી અદાલતમાં દાખલ થયેલ સ્પે.સિ.એ.નં. ૮૧૯૯/૨૦૨૫ અને સંલગ્ન પીટીશનમાં તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ આપેલ ઓરલ ઓર્ડર અન્વયે જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી લાયકાત મેળવેલ ઉમેદવારોને રૂબરૂ સાંભળવા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી. આ સમિતિ દ્વારા તા.૧૩/૦૮/૨૦૨૫ થી તા.૨૩/૦૮/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારોને રૂબરૂ સુનાવણી અંગેની પ્રક્રિયા પૂર્ણ કરી તેનો વિગતવાર અહેવાલ તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિને સોંપેલ હતો.
- ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિએ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સરક્યુલર ઠરાવથી ઉક્ત અહેવાલને ગ્રાહ્ય રાખવાનો નિર્ણય કરેલ છે.
- ઉક્ત નિર્ણય આધારે સામાજિક વિજ્ઞાન વિષયના ઉમેદવારોની સુધારા-વધારા સાથેની નવી ફાઈનલ મેરીટયાદી અને જિલ્લા પસંદગી માટેના કોલલેટર આજ રોજ તા.૧૮/૦૯/૨૦૨૫ સાંજે ૬:૦૦ કલાકે વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જ્યારે ભાષાઓ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત) તથા ગણિત વિજ્ઞાન વિષયના ઉમેદવારોની સુધારા-વધારા સાથેની નવી ફાઈનલ મેરીટયાદી અને જિલ્લા પસંદગી માટેના કોલલેટર હવે પછી તબક્કાવાર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.
- વધુમાં ઉક્ત પ્રક્રિયા અંગેની તમામ વિગતો વેબસાઈટ ઉપર મુકવામાં આવનાર હોઈ તમામ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી નિયમિત રીતે વેબસાઈટ જોવા જણાવવામાં આવે છે.

**તા.૧૮/૦૯/૨૦૨૫** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**

**સ્થળ:- ગાંધીનગર**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર